For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# PMના પ્રવાસને લઈ વડોદરા સજ્જ

(પ્રતિનિધિ) વડોદરા તા.6
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી તા. 8 સપ્ટેમ્બરના વડોદરા પ્રવાસને લઈને શહેરમાં ઉત્સાહ સાથે સુરક્ષા અને વહીવટી તૈયારીઓ પણ તેજ બની છે. વડોદરામાં યોજાનારા ખાસ કાર્યક્રમમાં ભાગ લેવા માટે શરૂ કરાયેલું ઓનલાઈન રજીસ્ટ્રેશન માત્ર એક કલાકમાં જ હાઉસફુલ થઈ જતાં નાગરિકો અને સમર્થકોમાં કાર્યક્રમને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. બીજી તરફ, વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પોલીસ કમિશનરની આગેવાની હેઠળ ઉચ્ચસ્તરીય બેઠક યોજી સુરક્ષાના વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ SOG અને BDDSની ટીમોએ હોટલ, ગેસ્ટહાઉસ સહિત સંવેદનશીલ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. શહેરમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે અસામાજિક તત્વ આશરો ન લઈ શકે તે માટે તપાસ વધારવામાં આવી છે. આ ઉપરાંત પાલિકાના આરોગ્ય વિભાગે પણ વિશેષ ટીમો ઉતારી સ્વચ્છતા અને આરોગ્યલક્ષી વ્યવસ્થાઓનું ચેકિંગ શરૂ કર્યું છે. પ્રવાસ પૂર્વે સમગ્ર તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

### SOG અને BDDSની ટીમે શહેરભર ચેકીંગ હાથ ધર્યું

## હોટલ અને ગેસ્ટહાઉસમાં પોલીસનુ સિક્યુરિટી સર્ચ : સીસીટીવી ચકાસ્યા

**શંકાસ્પદ** વ્યક્તિ દેખાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના અપાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 6
વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ હોટલ-ગેસ્ટહાઉસમાં કોઈ અસામાજિક તત્વો કે શંકાસ્પદ વ્યક્તિઓ આશરો ન લે તે માટે શહેર SOG દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચના અને માર્ગદર્શન હેઠળ SOG તથા BDDSની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં હોટલ, ગેસ્ટહાઉસ, મોલ અને અન્ય સંવેદનશીલ સ્થળોની તપાસ કરી હતી.

ચેકિંગ દરમિયાન હોટલના ગેસ્ટ રજિસ્ટર, ગ્રાહકોના ઓળખકાર્ડ, વિદેશી નાગરિકોના C-ફોર્મ, CCTV કેમેરા તેમજ પથિક સોફ્ટવેરમાં મુલાકાતીઓની એન્ટ્રીની ચકાસણી કરવામાં આવી હતી. હોટલ સંચાલકો દ્વારા ગ્રાહકોની ઓળખ યોગ્ય રીતે ચકાસવામાં આવે છે કે નહીં તેની પણ ખરાઈ કરાઈ હતી.

પોલીસે સંચાલકોને માન્ય ઓળખકાર્ડ વિના રૂમ ફાળવવા નહીં, ગ્રાહકોની વિગતો રજિસ્ટરમાં સમયસર નોંધવા અને પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરવા સૂચના આપી હતી. CCTV કેમેરા સતત કાર્યરત રાખવા તેમજ કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા પણ જણાવ્યું હતું. સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા આગામી દિવસોમાં પણ ચેકિંગ ચાલુ રહેવાની શક્યતા છે.

### એરપોર્ટથી પેવેલિયન સુધી લોખંડી બંદોબસ્ત

## ૨ હજાર જવાનો, ૧૪ DCP, ૧૭ ACP સહિત 200 PI તૈનાત રહેશે



(પ્રતિનિધિ) વડોદરા, તા. 6
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી તા. 8 સપ્ટેમ્બરના વડોદરા પ્રવાસને લઈને શહેર પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા માટે પોલીસ કમિશનરની આગેવાનીમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. વડાપ્રધાનના એરપોર્ટથી પેવેલિયન ગ્રાઉન્ડ ખાતેના સભા સ્થળ સુધીના સમગ્ર રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સુરક્ષા માટે 1 જોઈન્ટ સીપી, 1 એડિશનલ સીપી, 14 ડીસીપી, 17 એસીપી અને 200 જેટલા પીઆઈ સહિત આશરે 2 હજાર પોલીસ જવાનો તૈનાત રહેશે. શહેરના સંવેદનશીલ સ્થળો અને મુખ્ય માર્ગો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. સભા સ્થળ તથા આસપાસના વિસ્તારમાં વાહન વ્યવહાર અને પાર્કિંગ માટે પણ વિશેષ આયોજન કરાયું છે. વડાપ્રધાનના આગમનને પગલે ટ્રાફિક પોલીસ દ્વારા મુખ્ય માર્ગો પર જરૂરી ડાયવર્ઝન અને વધારાનો બંદોબસ્ત ગોઠવવાની કામગીરી હાથ ધરાઈ છે.

## PMના કાર્યક્રમનું રજિસ્ટ્રેશન માત્ર એક જ કલાકમાં હાઉસફુલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી કાર્યક્રમને લઈને વડોદરામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કાર્યક્રમમાં હાજરી માટે આજે સવારે 10:30 વાગ્યે શરૂ કરાયેલું ઓનલાઈન રજીસ્ટ્રેશન માત્ર એક કલાકમાં જ હાઉસફુલ થઈ ગયું હતું. રજીસ્ટ્રેશન લિંક ખુલતાની સાથે જ મોટી સંખ્યામાં નાગરિકોએ પોર્ટલ પર લોગઈન કરતાં ભારે ટ્રાફિક સર્જાયો હતો. સવારે 11:30 વાગ્યા સુધીમાં તમામ ઉપલબ્ધ સીટો અને પાસનું રજીસ્ટ્રેશન પૂર્ણ થતાં પ્રક્રિયા બંધ કરાઈ હતી. મર્યાદિત બેઠક વ્યવસ્થાને કારણે અનેક નાગરિકો નોંધણીથી વંચિત રહ્યા હતા. સફળ રજીસ્ટ્રેશન કરાવનાર લોકોને કન્ફર્મેશન મેસેજ અને ડિજિટલ પાસ મોકલવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. કાર્યક્રમને મળેલા પ્રતિસાદથી વડોદરામાં વડાપ્રધાનના આગમનનો ભારે ઉત્સાહ સ્પષ્ટ થયો છે.




## વડોદરા આરોગ્ય વિભાગ એક્શન મોડમાં: માર્કેટ વિસ્તારમાં સઘન ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસને પગલે પાલિકાનું આરોગ્ય વિભાગ સક્રિય બન્યું છે. શહેરમાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના ધોરણો જળવાય તે માટે આરોગ્ય વિભાગની ટીમોએ વિવિધ વિસ્તારોમાં ચેકિંગ શરૂ કર્યું છે. ચાર રસ્તા માર્કેટ વિસ્તારમાં આવેલી ગોપાલ બેકરી સહિત ખાદ્યપદાર્થો વેચતા એકમોની તપાસ કરી શિડ્યુલ-4 મુજબ સ્વચ્છતાના નિયમોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરાઈ હતી. તપાસ દરમિયાન ખાદ્યપદાર્થોના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. રિપોર્ટ બાદ નિયમ મુજબ કાર્યવાહી કરાશે. દરમિયાન વેપારીઓએ દુકાનો બહાર બેસતા ફૂલવાળા અને લારી-ગલ્લાવાળાઓના દબાણ અંગે પણ રજૂઆત કરી હતી. તંત્ર દ્વારા પ્રવાસ પૂર્વે શહેરમાં ફૂડ સેફ્ટી અને સ્વચ્છતાનું ચેકિંગ સતત ચાલુ રાખવાની માહિતી આપવામાં આવી છે.



### સ્પીડમાં આવતી ST બસે એક્ટિવા ચાલકને ટક્કર મારી

## માણેજા ક્રોસિંગ પાસે ST બસ અને એક્ટિવા વચ્ચે અકસ્માત, એકનું મોત

**પોલીસે** બસ ચાલક સામે ગુનો નોંધ્યો



(પ્રતિનિધિ) વડોદરા,તા.6
વડોદરા શહેરના માણેજા ક્રોસિંગ પાસે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં એસટી બસની અડફેટે વિસ્તારમાં આવેલી વ્રજ દર્શન સોસાયટીમાં રહેતા મપેડ સવાર યુવાનનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, માણેજા ક્રોસિંગ પાસે પૂરઝડપે આવતી એસટી બસે એક એક્ટિવા ચાલકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે એક્ટિવા સવાર ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ હાર્દિક ઠાકોર તરીકે થઈ છે, જે માણેજા વિસ્તારમાં આવેલી વ્રજ દર્શન સોસાયટી ખાતે રહેતો હતો. આ મામલે પોલીસે એસટી બસ ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી શહેરના જાહેર માર્ગો પર અકસ્માતની શ્રેણી વધી રહી છે, જેના કારણે માર્ગ સલામતી સામે ગંભીર સવાલો ઉભા થયા છે અને વાહનચાલકોમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

### વેન્ડર રજિસ્ટ્રેશનના બહાને બેંક ખાતામાંથી RTGS કરાવી લીધા

## મિલિટરી હોસ્પિટલના ફેક ઓર્ડરના બહાને ઠગોએ વેપારી મહિલાને રૂ.૩.૧૩ લાખનો ચુનો ચોપડ્યો

**અમદાવાદ** પહોંચેલા વેપારીને હોસ્પિટલમાં ઓર્ડર જ ન અપાયો હોવાનું જાણવા મળતા ભાંડો ફુટયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.6
મિલિટ્રી હોસ્પિટલનું નામ સાંભળીને વેપારીને પણ ઓર્ડર સાચો હોવાનું માનવામાં આવે છે અને લાખોની ડિલિવરી માટે માલ રવાના કરી દેવામાં આવે પરંતુ આ વિશ્વાસનો જ સાયબર ઠગોએ લાભ ઉઠાવી લીધો હતો. વડોદરામાં મેડિકલ ઈક્વિપમેન્ટનો વેપાર કરતી 40 વર્ષીય મહિલાને અમદાવાદની મિલિટ્રી હોસ્પિટલના સ્ટોર મેનેજર અને એકાઉન્ટન્ટ તરીકે ઓળખ આપી ઠગોએ વોર્મિંગ યુનિટ અને ટ્રોલીનો ખોટો પરચેઝ ઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ વેન્ડર રજિસ્ટ્રેશનની પ્રક્રિયાના નામે કંપનીના બેંક ખાતામાંથી રૂ.3.13 લાખથી વધુની રકમ ટ્રાન્સફર કરાવી લેતા સાયબર ફ્રોડ કરાયો હતો.

ગોરવામાં રહેતી મહિલા મેડિકલ ઈક્વિપમેન્ટ ટ્રેડિંગનો વ્યવસાય કરે છે. 26 ઓગસ્ટે અજાણ્યા નંબર પરથી ફોન કરી એક શખ્સે પોતાનું નામ કૃણાલ ચૌધરી અને પોતે અમદાવાદ મિલિટ્રી હોસ્પિટલનો સ્ટોર મેનેજર હોવાનું જણાવ્યું હતું. દર્દીઓ માટે વોર્મિંગ યુનિટ અને ટ્રોલીની જરૂર હોવાનું કહી વોટ્સએપ પર કોટેશન મંગાવ્યું હતું. ત્યારબાદ ત્રણ વોર્મિંગ યુનિટ અને ત્રણ ટ્રોલીનો પરચેઝ ઓર્ડર મોકલી 7થી 10 દિવસમાં ડિલિવરી આપવા જણાવ્યું હતું.

મહિલાએ ઓર્ડર સાચો માની મેડિકલ ઈક્વિપમેન્ટ વેપારી શૈલેષ પરમારને અમદાવાદ ડિલિવરી માટે મોકલ્યા હતા. દરમિયાન 3 સપ્ટેમ્બરે ઠગોએ પેમેન્ટ માટે વેન્ડર રજિસ્ટ્રેશન જરૂરી હોવાનું કહી પ્રક્રિયા શરૂ કરાવી હતી. શરૂઆતમાં રૂ.5 ટ્રાન્સફર કરાવી રૂ.10 પરત મોકલી વિશ્વાસ વધુ મજબૂત કર્યો હતો. ત્યારબાદ રૂ.3.13 લાખ કેનેરા બેંકના ખાતામાં RTGS કરાવી લીધા હતા. બીજી તરફ, માલ લઈને અમદાવાદ પહોંચેલા શૈલેષ પરમારને હોસ્પિટલમાં પ્રવેશવા પણ દેવામાં આવ્યો નહીં. હોસ્પિટલના સુબેદાર પરિડા સાથે વાત કરતાં કોઈ ઓર્ડર જ અપાયો ન હોવાનું બહાર આવ્યું હતું. તપાસમાં કૃણાલ ચૌધરી નામનો કોઈ કર્મચારી હોસ્પિટલમાં ન હોવાનું પણ સામે આવ્યું હતું. ઠગાઈની જાણ થતાં મહિલાએ તાત્કાલિક 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી અને વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે સમગ્ર મામલે બેંક ખાતા તથા આરોપીઓના મોબાઈલ નંબરોના આધારે તપાસ હાથ ધરી છે.

## હવે RTOના ધક્કા વગર જ મોબાઈલ નંબર અપડેટ થશે

**વાહન** વ્યવહાર વિભાગ અને ટ્રાફિક પોલીસની નવી ડિજિટલ સુવિધા

**ઈ-મેમો** પણ ઓનલાઈન ભરી શકાશે,એજન્ટની જરૂર નહીં, પરિવહન પોર્ટલ પર નવા ફીચર્સ એડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.6
ગુજરાત સહિત વડોદરા શહેરના વાહનચાલકો માટે વાહન વ્યવહાર વિભાગ અને ટ્રાફિક પોલીસ દ્વારા એક મહત્વપૂર્ણ ડિજિટલ સુવિધા શરૂ કરવામાં આવી છે, જેનાથી હજારો વાહનચાલકોને મોટી રાહત મળશે.

અત્યાર સુધી આરટીઓ કચેરીઓમાં વાહનના રજિસ્ટ્રેશનના દસ્તાવેજોમાં મોબાઈલ નંબર બદલાવવા અને અપડેટ કરાવવા માટે વાહનચાલકોએ ધક્કા ખાવા પડતા હતા અને ઘણીવાર એજન્ટોની મદદ લેવી પડતી હતી. પરંતુ હવે આ મુશ્કેલીનો કાયમી ધોરણે અંત આવી ગયો છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના સંયુક્ત પ્રયાસોથી પરિવહન એપ્લિકેશન અને પોર્ટલ પર નવા ફીચર્સ ઉમેરીને આખી પ્રક્રિયા ખૂબ જ સરળ બનાવી દેવામાં આવી છે. હવે વાહનચાલક ઘરે બેઠા પોતાના મોબાઈલથી પરિવહન પોર્ટલ પર જઈને પોતાના વાહનમાં નોંધાયેલો મોબાઈલ નંબર અપડેટ કરી શકશે. વાહનને લગતા દસ્તાવેજો જેવા કે રજિસ્ટ્રેશન, વીમો, પ્રદૂષણ પ્રમાણપત્રની માહિતી પણ ઓનલાઈન જોઈ શકાશે. સૌથી મોટી રાહત - ટ્રાફિકના ઈ-મેમો પણ હવે આ જ પોર્ટલ પરથી ઓનલાઈન ભરી શકાશે. જેના માટે હવે આરટીઓ કે ટ્રાફિક પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર નહીં રહે. આ નવી સુવિધાથી વાહન વ્યવહારની કામગીરીમાં પારદર્શિતા આવશે અને એજન્ટ પ્રથા પર પણ રોક લાગશે.

### નરસિંહજીની પોળમાં પણ મટકીફોડ દરમિયાન ઘર્ષણથી અફરાતફરી

## નવી ધરતીમાં મટકીફોડ બાદ નીચે પડેલા ફૂલો હટાવવાની નજીવી બાબતે જૂથ અથડામણ

**સામસામે** ફરિયાદ, ૭ સામે ગુનો દાખલ







(પ્રતિનિધિ) વડોદરા, તા.6
વડોદરા શહેરમાં જન્માષ્ટમીના મટકીફોડ કાર્યક્રમ દરમિયાન બે અલગ-અલગ સ્થળે બે જૂથો વચ્ચે ઘર્ષણ થતાં મારામારીના બનાવો સામે આવ્યા છે. નાગરવાડા નવી ધરતી વિસ્તારમાં મટકીફોડ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વાહનો નીચે પડેલા ફૂલડા હટાવવાની નજીવી બાબતે બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. જ્યારે નરસિંહજીની પોળમાં મટકીફોડ કાર્યક્રમ દરમિયાન કોઈ બાબતે બે જૂથો વચ્ચે બોલાચાલી ઉગ્ર બનતા સામસામે મારામારી થઈ હતી.

નવી ધરતી વિસ્તારમાં સંતોષીમાતાની પોળ ખાતે મટકીફોડ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાત્રિના સમયે કંચનભાઈ પરમાર અને તેમની પત્ની સફાઈ કરી રહ્યા હતા. દરમિયાન જયેશભાઈ મકવાણાના વાહનો નીચે ફૂલડા પડેલા હોવાથી તેમને હટાવવા જણાવતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. મામલો ઉગ્ર બનતાં બંને પક્ષના અન્ય લોકો પણ એકત્ર થઈ ગયા હતા અને ઝપાઝપી બાદ મારામારી થઈ હતી.

આ અંગે અશોકભાઈ રોહિતે ફરિયાદમાં જણાવ્યું હતું કે, બોલાચાલી ચાલતી હોવાથી તેઓ વચ્ચે છોડાવવા ગયા હતા. ત્યારે તેમને ધક્કો મારી ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. હસમુખભાઈએ હથિયાર જેવી વસ્તુથી ખભાના ભાગે ઘા કરતાં ઈજા થઈ હતી. અશોકભાઈને છોડાવવા વચ્ચે પડેલા તેમના પુત્ર આદિત્યને પણ ગળાના ભાગે ઈજા થઈ હતી.

બીજી તરફ જયેશભાઈ મકવાણાએ કંચનભાઈ પરમાર, તેમની પત્ની ઉર્મિલાબેન, અશોક પરમાર અને આદિત્ય સહિતના લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ઝપાઝપી દરમિયાન ગળામાં પહેરેલી સોનાની ચેઈન તૂટી ગઈ હોવાનો પણ આક્ષેપ કર્યો છે. બંને પક્ષની ફરિયાદના આધારે પોલીસે કુલ સાત લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

દરમિયાન નરસિંહજીની પોળમાં મટકીફોડ કાર્યક્રમ દરમિયાન પણ બે જૂથો વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થયા બાદ મારામારી થઈ હતી. ઘટનાને પગલે અફરાતફરી સર્જાતા પોલીસ સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

## મૂર્તિ લેવા ગયેલા યુવકની રૂ.૪.૫૦ લાખની BMW બાઈક ચોરાઈ

**વાઘોડિયા** રોડ પર રોડની સાઈડમાં પાર્ક કરેલી રૂ.૪.૫૦ લાખની બાઈક ચોરી

**પાણીગેટ** પોલીસે ફરિયાદના આધારે તસ્કરની શોધખોળ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.6
વડોદરા શહેરમાં વાહનચોરીનો બનાવ સામે આવ્યો છે. વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા યુવકની રોડની સાઈડમાં પાર્ક કરેલી અંદાજે રૂ.4.50 લાખની BMW બાઈક ચોર યુવક તાળું ખોલીને ચોરી કરી ફરાર થઈ ગયો હતો. યુવક ગણપતિની મૂર્તિ લેવા ગયો હતો અને પરત ફરતાં બાઈક ગાયબ હોવાનું જણાયું હતું. બનાવ અંગે પાણીગેટ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

વાઘોડિયા રોડ પર વૈભવ લક્ષ્મીપાર્ક સોસાયટીમાં રહેતા ગોવિંદભાઈ પરશુરામ કહાર ફરસાણનો વ્યવસાય કરે છે. તેમણે ગત તા.23 જુલાઈએ સુરત ખાતેથી આશરે રૂ.4.50 લાખની BMW બાઈક ખરીદી હતી. ગત તા.3 સપ્ટેમ્બરે મધરાતે પોણા ત્રણ વાગ્યાના સુમારે તેમણે પોતાની બાઈક ફ્લેટની બહાર રોડની સાઈડમાં પાર્ક કરી હતી. ત્યારબાદ મિત્રની કારમાં ફતેગંજ ખાતે ગણપતિની મૂર્તિ લેવા ગયા હતા. મૂર્તિ લઈને પરત ફર્યા ત્યારે ફ્લેટ બહાર પાર્ક કરેલી BMW બાઈક જોવા મળી નહોતી. આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો ન લાગતાં પાણીગેટ પોલીસને જાણ કરી હતી. પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધી બાઈકની શોધખોળ સાથે તસ્કરનું પગેરું મેળવવા તપાસ હાથ ધરી છે.

### બરોડા મેડિકલ કોલેજના સર્જરી વિભાગમાં રેસિડેન્ટ ડોક્ટરોનો રિશફલિંગ મુદ્દે વિવાદ

## ૧૮ રેસિડેન્ટ ડોક્ટરોના અચાનક યુનિટ બદલાતા ડીન સમક્ષ વિરોધ

**કામના** ભારણ મામલે ત્રણ સભ્યોની કમિટી રચાઈ, બંને પક્ષના નિવેદન લેવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6
બરોડા મેડિકલ કોલેજના સર્જરી વિભાગમાં રેસિડેન્ટ ડોક્ટરોના યુનિટ રિશફલિંગને લઈને વિવાદ સર્જાયો છે. વિભાગમાં અચાનક કરાયેલા ફેરફાર સામે રેસિડેન્ટ ડોક્ટરોએ મેડિકલ કોલેજના ડીન સમક્ષ લેખિત તેમજ મૌખિક રજૂઆત કરી છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ડીન દ્વારા ત્રણ સભ્યોની વિશેષ કમિટી રચવામાં આવી છે. કમિટી વિભાગના એચ.ઓ.ડી. તેમજ રેસિડેન્ટ ડોક્ટરોના નિવેદન લઈ સમગ્ર બાબતનો અભ્યાસ કર્યા બાદ રિપોર્ટ રજૂ કરશે. ત્યારબાદ આગળનો નિર્ણય લેવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ, બરોડા મેડિકલ કોલેજના સર્જરી વિભાગમાં કુલ છ યુનિટ કાર્યરત છે અને તેમાં 18 રેસિડેન્ટ ડોક્ટરો ફરજ બજાવે છે. તાજેતરમાં તમામ 18 રેસિડેન્ટના યુનિટમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આ ફેરફાર પાછળ વિભાગમાં સર્જાયેલી વહીવટી અને કામના ભારણની સ્થિતિ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, સર્જરી વિભાગના એક યુનિટમાં ફરજ બજાવતા બે રેસિડેન્ટ ડોક્ટરો માંદગીના કારણે લાંબા સમયથી રજા પર હોવાથી આ યુનિટમાં માત્ર એક જ રેસિડેન્ટ ડોક્ટર ફરજ પર હતો. પરિણામે તેના પર કામનું ભારણ વધ્યું હતું. આ ભારણ ઘટાડવા માટે એચ.ઓ.ડી. ડો. મુકેશ પંચોલીએ અન્ય રેસિડેન્ટ ડોક્ટરોને આ યુનિટમાં સ્વેચ્છાએ ફરજ બજાવવા માટે અપીલ કરી હતી. જોકે, કોઈ રેસિડેન્ટ તૈયાર ન થતાં અન્ય યુનિટમાંથી બે ડોક્ટરોને ત્યાં મુકવામાં આવ્યા હતા.

આ નિર્ણય બાદ કેટલાક રેસિડેન્ટ ડોક્ટરોએ વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ સમગ્ર વિભાગના 18 રેસિડેન્ટનું રિશફલિંગ કરવામાં આવ્યું હતું. રેસિડેન્ટ ડોક્ટરોએ ડીન સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે, તેઓ લાંબા સમયથી ચોક્કસ યુનિટમાં ફરજ બજાવતા હોવાથી અચાનક યુનિટ બદલાતા શૈક્ષણિક તેમજ કામગીરીમાં મુશ્કેલી ઊભી થઈ રહી છે.

## PM પ્રવાસ પૂર્વે દબાણ સ્વચ્છ ઝુંબેશ અંતર્ગત ૬ દુકાનો સીલ

**ગંદકી** અને દબાણ સામે કમિશનરના આદેશથી તાત્કાલિક કાર્યવાહી



(પ્રતિનિધિ) વડોદરા તા.6
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા અને દબાણ હટાવ ઝુંબેશ તેજ કરવામાં આવી છે. વહીવટી વોર્ડ નં.13 હેઠળના ખંડેરાવ માર્કેટ અને સિદ્ધનાથ રોડ વિસ્તારમાં પાલિકાની ટીમે કાર્યવાહી કરી કુલ છ દુકાનો સીલ કરી હતી.

સફાઈ અભિયાન દરમિયાન મ્યુનિસિપલ કમિશનરે સ્થળ પર પહોંચી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. દરમિયાન દુકાનો બહાર રોડ પર સામાન મૂકીને કરાયેલા દબાણ તેમજ આસપાસની ગંદકી નજરે પડતાં તેમણે તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ પગલે સિદ્ધનાથ રોડની ત્રણ અને માટલા વિભાગની ત્રણ મળી કુલ છ દુકાનો સીલ કરવામાં આવી હતી. પાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, કેટલાક વેપારીઓ દ્વારા વારંવાર દુકાન બહાર સામાન મૂકી દબાણ કરવામાં આવતું હતું અને ગંદકી પણ ફેલાવવામાં આવતી હતી. અગાઉ દંડ અને દબાણ હટાવવાની કાર્યવાહી છતાં નિયમભંગ ચાલુ રહેતાં સીલિંગ કરવામાં આવ્યું છે. સીલ કરાયેલી દુકાનો સામે નિયમ મુજબ દંડની કાર્યવાહી હાથ ધરાશે. વડાપ્રધાનના આગમન પૂર્વે પાલિકાની કડક કામગીરીથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

### bob World એપ અપડેટ કરતી વખતે ત્રણ દિવસ સુધી OTP આવતા રહ્યા

## OTP આપ્યા વગર જ ખેડૂતના ખાતામાંથી ૨.૬૭ લાખ ઉપડી ગયા

**UPI** મારફતે ૧૦ ટ્રાન્ઝેક્શન થતાં પોરના ખેડૂતે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી

(પ્રતનિધ) વડોદરા તા.6
વડોદરા તાલુકાના પોર ગામમાં રહેતા ખેડૂત સાથે સાયબર ઠગાઈનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. બેંક ઓફ બરોડાની bob world એપ્લિકેશન અપડેટ કરતી વખતે એપ બંધ થઈ ગયા બાદ ખેડૂતના મોબાઈલ પર સતત ત્રણ દિવસ સુધી OTP આવતા રહ્યા હતા. જોકે, ખેડૂતે કોઈને OTP આપ્યો ન હોવા છતાં તેમના ખાતા સાથે જોડાયેલા UPI આઈડી મારફતે 10 અલગ-અલગ ટ્રાન્ઝેક્શનથી રૂ.2.67 લાખ બારોબા ઉપાડી લેવામાં આવ્યા હતા.

વડોદરા જિલ્લના પોર ગામના પટેલ ફળિયામાં રહેતા 51 વર્ષીય વિમલભાઈ આશાભાઈ પટેલ ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ પોર સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં ખાતું ધરાવે છે અને છેલ્લા આશરે ત્રણ વર્ષથી મોબાઈલમાં bob world એપ્લિકેશન મારફતે બેંકિંગ વ્યવહારો કરતા હતા.

દરમિયાન વિમલભાઈ પોતાના મોબાઈલમાં બેંકની એપ્લિકેશન અપડેટ કરી રહ્યા હતા ત્યારે અચાનક એપ્લિકેશન બંધ થઈ ગઈ હતી. એપ ફરીથી ખોલવા માટે પાસવર્ડની જરૂર પડતાં પાસવર્ડ યાદ ન હોવાથી તેઓ એપ્લિકેશનનો ઉપયોગ કરી શક્યા નહોતા. આ દરમિયાન તેમના મોબાઈલ ફોન પર સતત ત્રણ દિવસ સુધી વારંવાર OTP મેસેજ આવવા લાગ્યા હતા. વિમલભાઈએ આ OTP કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે શેર કર્યા નહોતા. ત્યારબાદ તેમણે એપ્લિકેશનનો પાસવર્ડ બદલીને ફરીથી એપ શરૂ કરી હતી. એપમાં ખાતાની વિગતો તપાસતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમના UPI આઈડી મારફતે 10 ટ્રાન્ઝેક્શન થઈ રૂ.2.67 લાખની રકમ ખાતામાંથી ઉપડી ગઈ હોવાનું સામે આવ્યું હતું. ઠગાઈની જાણ થતાં જ વિમલભાઈ તાત્કાલિક બેંક ઓફ બરોડાની પોર શાખાએ પહોંચ્યા હતા અને પોતાનું બેંક એકાઉન્ટ બ્લોક કરાવી દીધું હતું. ત્યારબાદ તેમણે સાયબર ફ્રોડ અંગેની હેલ્પલાઈન 1930 પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.